# Shri Govind Guru University, Godhra
(Established Vide Gujarat Act No. 24/2015)

# શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા
(ગુજરાત એક્ટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)

નં.એસજીજીયુ/વહીવટ/૨૦૨૧/૯૧૫૮ તા.૦૮/૧૨/૨૦૨૧

**પરિપત્ર- ૨૫૮૩**
**વિષય:- શોધ ઈન્ટર્નશિપ કાર્યક્રમમાં જરૂરી બાબતોની અપેક્ષા રાખવા વિષય.**
**સંદર્ભ:- સ્ટુડન્ટ ફોર હોલીસ્ટીક ડેવલોપમેન્ટ ઓફ હ્યુંમીનીટીનો તા.૦૨/૧૧૨/૨૦૨૧નો પત્ર.**

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓને ઉપરોક્ત વિષય અને સંદર્ભ દર્શિત પત્ર અન્વયે જણાવવાનું કે, સ્ટુડન્ટ ફોર હોલીસ્ટીક ડેવલોપમેન્ટ ઓફ હ્યુંમીનીટી (SHODH) દ્વારા આઝાદીકા અમૃત મહોત્સવ અંતર્ગત ગુજરાતભરના ગુમનામ નાયકો કે જેમણે આઝાદીની લડતમાં ઉત્સાહભેર ભાગ લીધો હોય પરંતુ જેમની નોંધ ઈતિહાસમાં લેવાયેલ ના હોય તેમની શોધ અંતર્ગત તા.૧૩/૧૨/૨૦૨૧ થી ૨૦/૧૨/૨૦૨૧ સુધી ઇન્ટર્નશીપનું આયોજન કરવાનું નિયત કરેલ છે. જે અંતર્ગત આપની કોલેજના વિદ્યાર્થીઓ ઉત્સાહભેર ઇન્ટર્નશીપમાં ભાગ લે અને આપના વિસ્તારના નાયકો કે જેમની ઈતિહાસ લેખનમાં નોંધ લેવાયેલ નથી પરંતુ આઝાદીના સંગ્રામમાં બહુમૂલ્ય યોગદાન આપેલ છે તેની ઓળખ થાય અને વધુ થી વધુ લોકોને આ અંગેની માહિતી મળે તે માટે ઉપરોક્ત ઇન્ટર્નશીપમાં ભાગ લેવા પ્રેરિત કરવા વિનંતી. ઇન્ટર્નશીપમાં ભાગ લેવા ઈચ્છુક વિદ્યાર્થીઓની માહિતી નીચે જણાવેલ લીંક પર મોકલીઆપવાની રહેશે. તથા રજીસ્ટ્રેશન ફોર્મની વિગત દિન-૩માં યુનિવર્સિટીના ઈ-મેઈલ આઈ.ડી. cs@sggu.ac.in પર તથા હાર્ડકોપી દિન-૩માં યુનિવર્સિટી કાર્યાલય ખાતે મોકલી આપવાની રહેશે. જેથી આગળની કાર્યવાહી હાથ ધરી શકાય.

ગુગલ ફોર્મ લીંક:- https://forms.gle/j4iNDvFfsagPQJ426

કા. કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
ગોધરા

બિડાણ- ઉપર મુજબ.

પ્રતિ,

- યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

# પત્રક-૧

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | કોલેજનું નામ | વિદ્યાર્થીનો મોબાઇલ નંબર | ઈ-મેઈલ આઈ.ડી | પેમેન્ટ કર્યાની વિગત |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |

આચાર્યશ્રીનો સહી/સિક્કો

आज़ादी का अमृत महोत्सव

SHoDH

Students for Holistic Development of Humanity (SHoDH), Gujarat

# "ગુમનામ નાયક" ભારતનું ગૌરવ

## ઇન્ટર્નશિપ આમંત્રણ; સંશોધક, અનુસ્નાતક અને સ્નાતક છાત્ર

## 13 થી 20 ડિસેમ્બર, 2021

## ઇન્ટર્નશિપ કાર્યક્રમ

SHoDH એટલે તમામ વિદ્યાશાખાના સંશોધકોને એક મંચ પર લાવવા માટે ભારતના સંશોધન કરનાર સમુદાય સાથે એક સંવાદ કરવાની નમ્ર પ્રયાસ છે. શોધ સમાજના વિકાસ માટે અને સંશોધન માટે બહુવિધ અને સર્વગ્રાહી અભિગમ અપનાવાની આવવાની તક પૂરી પાડશે. સ્ટુડન્ટ કોર હોલિસ્તિક ડેવલપમેન્ટ ઓફ હ્યુમાનીટી (SHoDH) ગુજરાત રાજ્ય દ્વારા અને હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ વિશ્વવિદ્યાલય, વિદ્યાર્થી વિકાસ નિધિ ટ્રસ્ટ, ગુજરાત કેન્દ્રીય વિદ્યાવિદ્યાલય, ગુજરાત વિશ્વવિદ્યાલય, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, ભક્ત કવિ નરસિંહ મહેતા વિશ્વવિદ્યાલય, શ્રી ગોવિંદ ગુરુ વિશ્વવિદ્યાલય ગોધરા નાં સહયોગથી એક સાત દિવસનો ઇન્ટર્નશિપ કાર્યક્રમ આયોજિત કરી રહ્યું છે. જેમાં આઝાદીના લડવૈયાઓને યાદ કરવામાં આવશે. SHODH ગુજરાત દ્વારા ૧૩ થી ૨૦ ડિસેમ્બર 2021 દરમિયાન યોજાનારા ઇન્ટર્નશિપ કાર્યક્રમ ભારતના સ્વતંત્ર સંગ્રામમાં નાગરિકોના જીવન અને બલિદાનનું દસ્તાવેજીકરણ કરવામાં આવશે.આ સ્વાતંત્ર્ય સંગ્રામમાં તેમના યોગદાનની વિગતો રાજ્યના દરેક વિસ્તારમાં મુલાકાત લીધા પછી, તેને પ્રગટ કરવામાં આવશે જેમાં ઇતિહાસના દસ્તાવેજીકરણ પર વધુ ભાર આપવામાં આવશે સાથે સાથે ઘણી બધી એવી ઘટનાઓ કે જેની નોંધ ઇતિહાસમાં લેખનમાં આવી નથી, જેમનો ઉલ્લેખ નથી, એવા આ બહુમૂલી આઝાદી મેળવવા માટે અસંખ્ય લોકોએ વર્ષો સુધી સંઘર્ષ કર્યો છે અને પ્રાણની આહુતિ આપી છે.એમના વિશે શોધ થશે. આ ઇન્ટર્નશિપ કાર્યક્રમ સંશોધક, અનુસ્નાતક અને સ્નાતક છાત્ર આમંત્રિત છે.

**નોંધણી શુલ્ક : 50 ₹**

**નોંધણી માટેનો છેલ્લો દિવસ: 10 ડિસેમ્બર, 2021**

Register at:

**અમારા આદરણીય સહભાગી:**

લોકહિતાય શિક્ષિતોऽहम्

ગુજરાત કેન્દ્રીય વિશ્વવિદ્યાલય CENTRAL UNIVERSITY OF GUJARAT


સંપર્ક:
+91 81410 91869 | +91 97242 91269


નોંધણી માટેનો છેલ્લો વિસ: 10 ડિસેમ્બર, 2021

Shodh.Gujarat